**ગુજરાત સરકાર**
શિક્ષણ વિભાગ
બ્લોક નં. ૫, સાતમો માળ, સચિવાલય,
ગાંધીનગર -૩૮૨૦૧૦.

ક્રમાંક : પીઆરઈ/૧૧૨૦૧૭/૧૪૧૧/ક.
તારીખ : ૧૧/૦૮/૨૦૧૭.

પ્રતિ,
(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
(3) શાસનાધિકારીશ્રી, તમામ.

**વિષય :** બિનતાલીમી શિક્ષકો બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિનિયમ,૨૦૦૯ ની કલમ ૨૩(૨) હેઠળ કરવામાં આવેલી જોગવાઇ મુજબ નિયત કરવામાં આવેલી શૈક્ષણિક લાયકાત જે શિક્ષકો ધરાવતા નથી, તેવા બિન તાલીમી શિક્ષકો (Untrained) એ કાયદો અમલમાં આવે ત્યારથી પાંચ વર્ષમાં નિયત કરવામાં આવેલી તાલીમ મેળવી લેવાની રહેતી હતી. આર.ટી.ઇ. એક્ટની આ કલમ : ૨૩(૨) માં હવે સુધારો કરવામાં આવેલ છે જે મુજબ હાલમાં સરકારી/ગ્રાન્ટેડ/સ્વ-નિર્ભર પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવી રહેલ તમામ બિન-તાલીમી શિક્ષકોએ NCTE એ નિયત કર્યા મુજબની તાલીમ <u>તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીમાં</u> મેળવી લેવાની જોગવાઇ કરવામાં આવી છે. જો આવા શિક્ષકો તાલીમ લેવામાં નિષ્ફળ જશે તો તેઓની નોકરી ચાલુ રાખવાની પરવાનગી આપવામાં આવશે નહીં તેમજ તા.૦૧/૦૪/૨૦૧૯ પછી તેમને તેમની નોકરીમાંથી બરતરફ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૨. ઉક્ત વિગતોના પરિપ્રેક્ષ્યમાં રાજ્યના તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ અને તમામ શાસનાધિકારીશ્રીઓને વિનંતી કરવામાં આવે છે કે તેમના તાબા હેઠળની આવી શાળાઓમાં હાલમા આવા કેટલા બિન તાલીમી શિક્ષકો (Untrained) છે તેની ચોક્કસ આંકડાકીય માહિતી તૈયાર કરીને દિન-૧૦ માં આ વિભાગને રજૂ કરવી.

૩. આ બાબતે કેન્દ્ર સરકારના માનવસંસાધન વિકાસ મંત્રાલય વિભાગને અહેવાલ રજૂ કરવાનો હોઇ આ કામગીરીને ટોચ અગ્રતા આપવા પણ વિનંતી કરવામાં આવે છે.

(વિ. ટી. મંડોરા)
નાયબ સચિવ (પ્રાથમિક શિક્ષણ)
શિક્ષણ વિભાગ.

નકલ રવાના :

1. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર – જરૂરી ફોલોઅપ કરી માહિતી ઉપલબ્ધ કરાવવા સારૂં.
2. પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ, સેક્ટર-૧૩, ગાંધીનગર – આ પત્રથી માંગેલ માહિતી એકઠી કરવામાં જિલ્લાના અધિકારીશ્રીઓને સંપૂર્ણ મદદ કરવા/સહકાર આપવાની વિનંતી સહ.